અપીલ અરજી નં.૧૫૨ તા.૩૦–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વાસંતીબેન મુકેશલાલ રાણા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વાસંતીબેન મુકેશલાલ રાણાની તા.૧૧–૬–૧૦ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ તા.ચોર્યાસીના મોજે ઉધનાના જુના રે.સ. નં.ર ૪૮/૧ થી નોંધાયેલ જમીનમાં " આશાપુરી કો.ઓ.હા.સો.લી. વિભાગ–૧" માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૧૦ –એ જેનો સુરત મ્યુ. ટેના.નં.ર૭ઈ–૩–૪૪૦૧–૦– ૦૦૧ થી નોંધાયેલ આશરે ૧૩ **X** ૪૫ યાને ૫૮૫ સ.ચો.ફુટ ક્ષેત્રફળવાળી જમીન અમલા ઈમારત સહિતની આખી બાંધકામવાળી મિલકત બાબતે મુદ્દા નં.૧ સદર મિલકત અંગે તા.ર૩–૪–૦૭ ના રોજ ભરાયેલ નોટીસના નમુનાના ફોર્મની સહી સિકકાવાળી નકલ. મુદ્દા નં.ર આશાપુરી કો.ઓ.હા.સો.લી. ના પ્રમુખે સોસાયટીના લેટર ઉપર તા.૧૪–૫–૦૩ ના રોજ લખી આપેલ પ્રમાણપત્રની સહી સિકકાવાળીનકલ વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૦–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૫ર/ર૦૧૦–૧૧

શ્રી વાસંતીબેન મુકેશલાલ રાણાની તા.૧૧–૬–૧૦ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ તા.ચોર્યાસીના મોજે ઉધનાના જુના રે.સ. નં.ર૪૮/૧ થી નોંધાયેલ જમીનમાં " આશાપુરી કો.ઓ.હા.સો.લી. વિભાગ–૧" માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૧૦ –એ જેનો સુરત મ્યુ. ટેના.નં.ર૭ઈ–૦૩–૪૪૦૧–૦–૦૦૧ થી નોંધાયેલ આશરે ૧૩ **X** ૪૫ યાને ૫૮૫ સ.ચો.ફુટ ક્ષેત્રફળવાળી જમીન અમલા ઈમારત સહિતની આખી બાંધકામવાળી મિલકત બાબતે મુદ્દા નં.૧ સદર મિલકત અંગે તા.ર૩–૪–૦૭ ના રોજ ભરાયેલ નોટીસના નમુનાના ફોર્મની સહી સિકકાવાળી નકલ. મુદ્દા નં.ર આશાપુરી કો.ઓ.હા.સો.લી. ના પ્રમુખે સોસાયટીના લેટર ઉપર તા.૧૪–૫–૦૩ ના રોજ લખી આપેલ પ્રમાણપત્રની સહી સિકકાવાળી નકલ વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૩૪ તા.ર૦–૭–૧૦ થી આપેલ માહિતી કલમ–૧૧(ર) નું ખોટુ અર્થઘટન કરી માંગ્યા મુજબના પુરાવા આપેલ નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ તથા વધુમાં વેચાણ દસ્તાવેજ જાહેર દસ્તાવેજ ગણાય તે ધ્યાને લેતાં જાહેર હિત ત્રાહિતના હિત પર પ્રભુત્વ ધરાવે છે કે કેમ? તે સ્પષ્ટતા કરવા પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૭ તા.૭–૮–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કલમ ૧૧(ર) હેઠળના ઈન્કારનો કેસ ધ્યાને લઈ ત્રાહિતના ઈન્કાર છતાં માહિતીજાહેર કરવાનું જાહેર હિતમાં હોવાનું વાજબીપણું સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ તથા ત્રાહિતને માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ કે નુકશાન અંગે વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૦ તા.૧૮–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ શ્રી રમેશભાઈ નગીનદાસ રાણાને કલમ–૧૧ હેઠળ ત્રાહિત વ્યકિત તરીકે પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકટ/આરટીઆઈ/ ૪૫૧ તા.૧૯–૬–૧૦ ના પત્રની નકલ, ગોમતીબેન નગીનદાસ રાણાને કલમ–૧૧ હેઠળ પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૪૫ર તા.૧૯–૬–૧૦ ના પત્રની નકલ, ગૌરીબેન અરૂણભાઈ રાણા વિગેરેને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૫૩ તા.૧૯–૬–૧૦ ના પત્રની નકલ, ગૌરીબેન રાણાનો તા.ર–૭–૧૦ ના વાંધા અંગેનો પત્ર, રમેશભાઈ નગીનભાઈનો તા.ર૫–૬–૧૦ ના વાંધો પત્ર,જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/ ૧૬ તા.૧૫–૭–૧૦ થી ગૌરીબેન અરૂણભાઈ રાણા તથા ગોમતીબેન નગીનભાઈ રાણાને જાણ કરતો પત્ર,અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૧૫ તા.૧૫–૭–૧૦ ના પત્રની નકલ, સદર નાણા ભર્યા અંગેના સ્ક્રોલ નં.૬૦૦/ર તા.૧૯–૭–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૪ તા.ર૦–૭–૧૦ ના પત્રની નકલ, પત્ર નં. ૪૫૧,૪૫ર,૪૫૩ તા.૧૯–૬–૧૦, પત્ર નં.૧૫,૧૬,૧૭ તા.૧૫–૭–૧૦ યુપીસી કર્યા અંગેની નકલ, ફોમ નં.૧૮૧૧ તા.ર૩–૪–૦૭ લોકેશન નં.ર૭ઈ–૦૩–૪૪૦૧–૦–૦૦૧ નામ ફેરના ફોર્મની નકલ, આશાપુરા કો.ઓ. હા.સો.નું પ્રમુખના પ્ર માણપત્રની નકલ , ગૌરીબેન કપીલાબેન અને ગોમતીબેનનું શ્રી રમેશભાઈ નગીનભાઈને આપેલ સંમતિપત્રકની નકલ, ગોમતીબેન નગીનભાઈ રાણા તરફથી નામફેર અંગે તા.૩૦–૧૦–૦૭ ના રોજ લીધેલ વાંધા અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૮–૧૦ ના પત્રની નકલ, તા.૧–૧૧–૦૭ ના રોજ નાગરીક સુવિધાકેન્દ્ર પોલીસ કમિશનરની કચેરીમાં આપેલ અરજીની તથા પહોંચની નકલ, તા.૮–૧–૦૮ ના રોજ નાગરીક સુવિધાકેન્દ્ર પોલીસ કમિશનરની કચેરીની પહોંચની નકલ તથા અરજીની નકલ, ગોમતીબેન નગીનદાસ રાણાનું તા.૧–૧૧–૦૭ નું નામ ફેર નહીં કરવા ભલામણ અંગેના પત્રની નકલ, તા.૧૭–૮–૧૦ નું વકીલપત્રની નકલ અત્રે મળેલ છે. જયારે ત્રાહિત વ્યકિતએ તેના બચાવમાં કોઈ વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૧–૬–૧૦ ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ તા.ચોર્યાસીના મોજે ઉધનાના જુના રે.સ. નં.ર૪૮/૧ થી નોંધાયેલ જમીનમાં " આશાપુરી કો.ઓ.હા.સો.લી. વિભાગ–૧" માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૧૦ –એ જેનો સુરત મ્યુ. ટેના.નં.ર૭ઈ–૦૩–૪૪૦૧–૦–૦૦૧ થી નોંધાયેલ આશરે ૧૩ **X** ૪૫ યાને ૫૮૫ સ.ચો.ફુટ ક્ષેત્રફળવાળી જમીન અમલા ઈમારત સહિતની આખી બાંધકામવાળી મિલકત બાબતે મુદ્દા નં.૧ સદર મિલકત અંગે તા.ર૩–૪–૦૭ ના રોજ ભરાયેલ નોટીસના નમુનાના ફોર્મની સહી સિકકાવાળી નકલ. મુદ્દા નં.ર આશાપુરી કો.ઓ.હા.સો.લી. ના પ્રમુખે સોસાયટીના લેટર ઉપર તા.૧૪–૫–૦૩ ના રોજ લખી આપેલ પ્રમાણપત્રની સહી સિકકાવાળી નકલ. મુદ્દા નં.૩ સદર મિલ્કત બાબતે તા.૧૪–૫–૦૩ ના રોજ રમેશભાઈ નગીનદાસ રાણાએ રજૂ કરેલ કબ્જા સહિતનો વેચાણ કરાર યાને કબ્જા રસીદની સહી સિકકાવાળી ઝેરોક્ષ નકલ. મુદ્દા ન. ૪ સદર મિલ્કત બાબતે ગોમતીબેન નગીનદાસ રાણાએ આપેલ વાંધા અરજીની નકલ સહી સિકકાવાળી ઝેરોક્ષ નકલ. મુદ્દા નં.(૫) સદર

મિલ્કત બાબતે તા.૧૬–૪–૧૦ ના રોજ ગૌરીબેન અરૂણભાઈ રાણા, કપીલાબેન મહેશભાઈ રાણા તથા ગોમતીબેન નગીનદાસ રાણાએ રજૂ કરેલ સંમતિ પત્રકની સહી સિકકાવાળી નકલ. મુદ્દા નં.(૬) સદર મિલ્કત બાબતે તા.૩૦–૩–૧૦ ના રોજની રમેશભાઈ નગીનદાસ રાણાએ રજૂ કરેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલ. સદર મિલ્કત અંગે જે કઈ રજૂ થયેલ હોય તે તમામ પુરાવા /કાગળોની સહી સિકકાવાળી ઝેરોક્ષ નકલની માહિતીની માંગણી કરતી અરજી કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથીસદર મિલ્કત આકારણી દફતરે ગોમતીબેન નગીનદાસ રાણાના નામે કબ્જેદાર તરીકે દાખલ છે અરજાની વિગત જોતાં અરજદારે ત્રાહિત પક્ષકારો અંગેની માહિતીની માંગણી કરેલ છે જેથી ત્રાહિત પક્ષકારોને શ્રી રમેશભાઈ નગીનદાસ રાણા, શ્રી ગોમતીબેન નગીનદાસ રાણા અને ગૌરીબેન અરૂણભાઈ રાણા ને આરટીઆઈ એકટની કલમ–૧૧ હેઠળ માહિતી માંગેલી માહિતી અરજદારને આપવી કે કેમ? તે અંગે લેખિત અભિપ્રાય માટે અનુક્રમે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૫૧–૪૫૨–૪૫૩ તા.૧૯–૬–૧૦ થી પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે રમેશભાઈ નગીનદાસ રાણા તથા ગોમતીબને નગીનભાઈ રાણા તરફથી તા.૨૫–૬–૧૦ ના રોજ તથા ગૌરીબેન અરૂણભાઈ રાણા તરફથી ૨–૭–૧૦ ના રોજ માહિતી આપવા અંગે વાંધો રજૂ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આરટીઆઈ/૧૬ તા.૧૫–૭–૧૦ ના રોજ ગોરીબેનના મુદ્દા નં.૫ અંગે અને ગોમતીબેન નગીનદાસ રાણાના મુદ્દા નં.૪ અંગે વ્યાપક અર્થમાં ખાનગી માહિતી ગણી શકાય નહીં તેથી અરજદારને માહિતી આપવાનો નિર્ણય કરતો પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ માહિતી સંબધે પાનાની કુલ સંખ્યા–૫ પ્રતિ પાના દીઠ રૂા.૧૦/– લેખે માહિતી/દસ્તવેજોની નકલ મેળવવા નાણા ભરપાઈ કરવા પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫ તા.૧૫–૭–૧૦ ના રોજ પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે સ્ક્રોલ નં.૬૦૦/૨ તા.૧૯–૭–૧૦ થી રૂા.૧૦/– ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૪ તા.૨૦–૭–૦૯/૧૦ થી માહિતી આપવામાં આવેલ.જેમાં મિલ્કત નામ ટ્રાન્સફર કરવા અંગેના ફોર્મ નં.૧૮૧૧ તા.૨૩–૪–૦૭ ની ઝેરોક્ષ નકલ પાના નંગ–૧, આશાપુરી કો.ઓ. હા.સો. નું તા.૧૪–૫–૦૩ ના પ્રમાણપત્રની નકલ ઝેરોક્ષ નકલ–પાના નંગ–૧, શ્રી ગોમતીબેન નગીનદાસ રાણાએ આપેલ વાંધા અરજીની ઝેરોક્ષ નકલ પાના નંગ–૧, શ્રી ગૌરીબેન અરૂણભાઈ રાણા, શ્રી કપીલાબેન મહેશભાઈ રાણા, શ્રી ગોમતીબેન નગીનદાસ રાણાએ રજૂ કરેલ સંમતિપત્રકની ઝેરોક્ષ નકલ પાના નંગ–૨, આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૩ રમેશભાઈ નગીનદાસ રાણાએ તા.૧૪–૫–૦૯ ના રોજ રજૂ કરેલ કબ્જા રસીદની નકલ તથા તા.૩૦–૩–૧૦ ના રોજ તેમણે રજૂ કરેલ કબજારસીદની નકલ, ત્રાહિત પક્ષકારે કલમ–૧૧ (૨) થી વાંધો લીધેલ હોય આપી શકાય તેમ નથી તેવું જણાવેલ જાહેર માહિતી અધિકારીના તેવા નિર્ણયથી નારાજ થઈ અરજદારે તા.૩૦–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અનુક્રમ નં.૩,૬ તથા અન્ય વિગતે માંગેલ તમામ પુરાવાઓ બાબતે રમેશભાઈ નગીનદાસ રાણાએ ખોટો વાંધો લીધેલ છે. અને જાહેર માહિતી અધિકારીએ ન્યાય વિરૂધ્ધ જઈ કલમ–૧૧(૨) નું ખોટું અર્થઘટન કરી પુરાવા આપેલ નથી તેવું જણાવી જાહેર માહિતી અધિકારીના નિર્ણય સામે અપીલ અરજીમાં રજૂઆત કરેલ છે. જેની સાથે રમેશભાઈ નગીનભાઈ રાણાના તા.૧૪–૫–૦૩ અને તા.૩૦–૩–૧૦ ના કબ્જા રસીદની નકલની માંગણી કરેલ છે. વધુમાં તે આપવાથી અરજદારને કોઈ નુકશાન થાય તેમ નથી તેવું જણાવેલ છે. ત્યાર બાદ અરજદારને અપીલ તબકકે આરટીઆઈ સેલ/૫૭૭ તા.૭–૮–૧૦ થી પાઠવેલ પત્ર સંદર્ભે તા.૧૭–૮–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિતના લીધેલા વાંધા અંગેની ઈન્કાર કર્યાની માહિતીની માંગણી કરેલ છે. અને રમેશભાઈ નગીનદાસ રાણાએ બદ ઈરાદો પાર પાડવા ખોટી ઉપજાવી કાઢેલ કબ્જા રસીદના આધારે પોતાનું નામ દાખલ કરવા તજવીજ કરેલ છે. કબ્જા રસીદો કોઈ પણ જગ્યાએ રજીસ્ટર પણ થયેલ ન હોઈ તેમજ તેઓએ પોલીસ કમિશનરમાં તા.૧–૧૧–૦૭ તથા તા૮–૧–૦૮ મિલ્કત અંગે ખોટી ફાઈલ બનાવી કોશિશ કરવા અંગે કરેલી પોલીસ ફરીયાદની નકલો પણ રજૂ કરેલ છે. આમ ત્રાહિતની દાનત શુધ્ધ બુધ્ધિ પૂર્વકની નથી અને બદ ઈરાદો પાર પાડવા માંગે છે સદર વિષયવાળી મિલ્કત અંગે તેમનો કોઈ પણ પ્રકારનો હક કે અધિકારી નથી. વધુમાં સુરત નામદાર કોર્ટમાં રે.દિ.મું નં.૧૯૭/૧૦ શ્રી રમેશભાઈ સામે અરજદારે કેસ પણ કરેલ છે. તેમણે બોગસ કબ્જા રસીદ કરી સરકારશ્રી, આકારણી અધિકારી તેમજ નામદાર કોર્ટને પણ સદર કબ્જા રસીદ રજૂ કરી છેતરેલ હોય તેઓનું કૃત્ય જાહેર હિત વિરૂધ્ધનું હોય તેમના કૃત્યથી અમો અરજદારને ઘણું નુકશાન થાય તેમ હોય સદરહુ પુરાવાઓ નામદાર કોર્ટમાં રજૂ કરવાના હોય જે જાહેર હિતમાં ખુબ અગત્યના હોય અને આ સાથે રજૂ કરેલ દાર્શનિક પુરાવાઓ ધ્યાને લઈ જાહેર હિતનો નિર્ણય લેવા રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ પણ સદર પત્રના સંદર્ભે તા.૧૮–૮–૧૦ ના રોજ આપેલ પૂરક માહિતીમાં "વેચાણ દસ્તાવેજ જાહેર દસ્તાવેજ ગણાય તે ધ્યાને લેતાં જો વેચાણ દસ્તાવેજ/ કબ્જા રસીદ ત્રાહિત પક્ષકારના ઈન્કાર હોવા છતાં અરજદારને આપવામાં આવેલ તો તેનાથી જાહેર હિત જળવાય છે અને ત્રાહિત હિતને ગંભીર અસર થતી નથી તેવું જણાવેલ છે. આમ ત્રાહિતના હિત બાબતે બંને પક્ષકારો તરફથી ત્રાહિત હિત કરતાં જાહેર હિત પરત્વે ભાર મુકેલી રજૂઆત કરેલ છે. આમ તમામ હકીકતો અને વિગતો જોતા ત્રાહિત હિતની તુલનામા જાહેર હિત અગત્યનું હોય ત્યારે આવી માહિતી પૂરી પાડવાની રહે.

અપીલ તબકકે ત્રાહિત શ્રી રમેશભાઈને પણ અત્રેના તા.૭–૮–૧૦ ના પત્રથી માહિતી જાહેર કરવાથી તેમને થતાં હાનિ કે નુકશાન અંગે તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવી તક આપવામાં આવેલ. પરંતુ ત્રાહિત શ્રી રમેશભાઈ ધ્વારા તેવી કોઈ વિગતો રજૂ કરેલ નથી કે અપીલ તબકકે માહિતી જાહેર કરવા સામે વાંધો રજૂ કરેલ નથી. અરજદારે રજૂ કરેલ પોલીસ ફરીયાદની વિગતો જોતાં બાબત હેઠળના મિલ્કત ધારકે ત્રાહિત વિરૂધ્ધ પણ ફરીયાદ કર્યાની કેફીયત રજૂ કરેલ છે. વિગત જોતાં મિલ્કત અંગે ધારક ત્રાહિત અને અરજદાર વચ્ચે પારસ્પરિક વિવાદ જણાય છે અને પરસ્પર હિત ધરાવતા હોવાના દાવા કરેલ છે. અરજદારની અદાલતી કેસ સંદર્ભે અને વિવિધ સત્તામંડળમાંથી વિરોધાભાસી રજૂઆત ધ્યાને લેતાં ત્રાહિતે ઈન્કાર કરેલ દસ્તાવેજ જાહેર કરવાથી હકીકત બહાર આવવાની શકયતા ગણી શકાય અને તેમાં તેટલે અંશે જાહેર હિત જળવાતું હોવાની રજૂઆત ગ્રાહય રાખી શકાય તેમ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૧–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્કાર કરવામાં આવેલ બાબત જાહેર હિતમાં ગ્રાહય નહીં રાખતાં ઈન્કાર કરેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધકારી(ઉધનાઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી વાસંતીબેન મુકેશલાલ રાણા ,
(૩)શ્રી રમેશભાઈ નગીનભાઈ રાણા ,